# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી-2016

**સૂચના :** 1. તમામ પ્રશ્નોના જવાબ ફરજિયાત છે.
2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ** **સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ (CTBA)** **નોંધણી ________________**
**પાઠયક્રમ** **: સ્ત્રીનું ઋતુચક્ર અને ગર્ભાવસ્થા (CTBA-01)**
**તારીખ** **: 25/01/2016**
**સમય** **: 11:00 to 012:30** **કુલ ગુણ : 50**

---

| | |
|---|---|
| 1 | પ્રત્યેક સજીવ પોતાનો વંશવેલો ટકાવી રાખવા માટે પોતાના જીવનકાળ દરમ્યાન પોતાના જેવા જ અન્ય સજીવો ઉત્પન્ન કરે તે ઘટનાને ________ કહે છે.<br>(A) પ્રજનન (B) વિભાજન (C) વંશાકાળ (D) દ્વિભાજન |
| 2 | ગર્ભાશય મુખ્યત્વે __________ નું બનેલું અંગ છે.<br>(A) પેશી (B) કોષ (C) સ્નાયુ (D) અંગ |
| 3 | __________ પેશાબની કોથળી અને મળાશયની વચ્ચે રહે છે.<br>(A) અંડપિંડ (B) ગર્ભાશય (C) યોનિમાર્ગ (D) અંડવાહિની |
| 4 | અંડાશયનું મુખ્ય કામ નીચેનામાંથી કયા અંત:સ્ત્રાવોનો સ્ત્રાવ કરવાનું છે?<br>(A) ઈસ્ટ્રોજન (B) પ્રોજેસ્ટીરોન (C) ઇન્સ્યુલીન (D) (અ) અને (બ) બન્ને |
| 5 | છોકરી જયારે તરુણાવસ્થામાં પ્રવેશે છે ત્યારે કઈ ગ્રંથિમાંથી અંત:સ્ત્રાવોનો સ્ત્રાવ થાય છે.<br>(A હાયપોથેલેમસ (B) પિટ્યૂટરી (C) ઉપરના બન્ને (D) ઉપરમાંથી એક પણ નહિ |
| 6 | સામાન્ય રીતે ગર્ભાધાનના દિવસથી પ્રસવ સુધીનો ગાળો કેટલા દિવસનો હોય છે?<br>(A) 280 દિવસ (B) 200 દિવસ (C) 240 દિવસ (D) 300 દિવસ |
| 7 | નીચેમાંથી કઈ ગર્ભાવસ્થાને જોખમી ગર્ભાવસ્થા કહેવાય?<br>(A) મેલીનો ભાગ વધુ નીચે હોય (B) પાંડુરોગ હોય (C) બીપી વધારે આવતું હોય (D) ઉપરના બધા જ |
| 8 | ગર્ભાવસ્થા દરમ્યાન થતી સારવારના કેટલા પ્રકારો છે?<br>(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર |
| 9 | વીસમા અઠવાડિયા પછી સીસ્ટોલીક 140 મીમી ઓફ મરક્યુરી કરતાં અને નીચેનું દબાણ 90 કરતાં વધારે આવે તો તે __________ ની નિશાની ગણી શકાય.<br>(A) એક્લેમ્પશીયા (B) પ્રીએકલેમ્પશીયા (C) ડી એકલેમ્પશીયા (D) ઉપરમાંથી એક પણ નહિ |
| 10 | ___________ સામાન્ય રીતે દરેક સગર્ભા સ્ત્રીઓને હોવાથી લીલા શાકભાજી વધુ ખાવાની સલાહ આપવામાં આવે છે.<br>(A) ઝાડા (B ઉબકા (C) કબજિયાત (D) ઉલટી |
| 11 | દરેક સગર્ભા માતાને ઓછામાં ઓછુ કેટલા પ્યાલા પાણી પીવું જોઈએ?<br>(A) 7-10 પ્યાલા (B) 10-12 પ્યાલા (C) 12-15 પ્યાલા (D) 5-7 પ્યાલા |

| | |
|---|---|
| 12 | નીચેનામાંથી કઈ સગર્ભા માતાને ઘનિષ્ઠ સારવારની જરૂર છે?<br>(A) જે થોડું કામ કરતાં થાકી જાય અને શ્વાસ ચડે (B) જેને તાણ આવતી હોય<br>(C) જેને સગર્ભાવસ્થા દરમ્યાન લોહી પડતું હોય (D) ઉપરના બધા જ |
| 13 | પાંડુરોગ થવાના કારણોમાંથી નીચેનામાંથી કયું કારણ છે?<br>(A) પોષણની ઊણપ (B) આંતરડામાં કૃમિનો ચેપ (C) બરાબર અવશોષણ ન થવું (D) ઉપરના બધા જ |
| 14 | મેલેરિયા એ શેનાથી ફેલાતો રોગ છે?<br>(A) પ્રજીવ (B) વાઈરસ (C) મરછર (D) માખી |
| 15 | કમળામાં કયું સીરમ વધી જાય છે જેના લીધે શરીરની પેશીઓ પીળા રંગની થઇ જાય છે.<br>(A) ફેરીટીન (B) બીલીરૂબીન (C) ટાયરોસીન (D) એક પણ નહિ |
| 16 | નીચેમાંથી કમળાના લક્ષણો ક્યાં છે?<br>(A) આંખો પીળી થવી (B) ભૂખ ન લાગવી (C) પેટમાં દુ:ખાવો થવો (D) ઉપરના બધા જ |
| 17 | નીચેમાંથી એચ.આઈ.વી.નો ચેપ કઈ રીતે લાગે છે?<br>(A) સીરીંજ નીડલથી (B) લોહી કે બીજા Body fluid થી (C) ઉપરના બન્ને (D) એક પણ નહિ |
| 18 | નીચેનામાંથી કઈ પરિસ્થિતિ સગર્ભાવસ્થા દરમ્યાન જોખમકારક કહેવાય?<br>(A) મેલીનો ભાગ ગર્ભાશયની કોથળીમાં હોય (B) મેલીનો ભાગ નીચે રહેલો હોય<br>(C) મેલીનો ભાગ મૂળ જગ્યાએ હોય (D) ઉપરમાંથી એક પણ નહિ |
| 19 | નીચેમાંથી ડાયાબિટીસનું લક્ષણ કયું નથી.<br>(A) ભૂખ ઓછી લાગવી (B) ભૂખ વધુ લાગવી (C) વધુ તરસ લાગવી (D) વારંવાર પેશાબ જવું |
| 20 | મેલરિયાને કારણે નીચેનામાંથી માતાને કઈ આડઅસરો થઈ શકે છે?<br>(A) પાંડુરોગ થાય (B) અધુરા મહિને સુવાવડ થઇ શકે (C) કિડની પર અસર થઇ શકે (D) ઉપરના બધા જ |
| 21 | ગર્ભાશયનું બાળક કેટલા અઠવાડિયા પહેલા પડી જાય તો તેને એબોર્શન કહેવાય?<br>(A) 15 અઠવાડિયા (B) 20 અઠવાડિયા (C) 22 અઠવાડિયા (D) 25 અઠવાડિયા |
| 22 | જયારે એબોર્શનની પ્રોસેસ શરૂ થઈ ગઈ હોય પણ તેને રોકી શકાય એવું હોય તો તેને શું કહેવાય?<br>(A) Inevitable Abortion (B) complete Abortion (C) Threatned Abortion (D) Septic Abortion |
| 23 | જયારે ગર્ભની ધડકન ન હોય, ગર્ભ અંદર મૃત્યુ પામેલ હોય તેને શું કહેવાય?<br>(A) Missed Abortion (B) Complete Abortion (C) Incomplete Abortion (D) Inevitable Abortion |
| 24 | Vesicular Mole ક્યારે ઉત્પન્ન થાય?<br>(A) જયારે સ્ત્રીબીજ ના હોય (B) જયારે સ્ત્રીબીજ ખરાબ થાય<br>(D) જયારે સ્ત્રીબીજ છૂટ્ટુ પડી ગયુ હોય D) જયારે સ્ત્રીબીજ ડબલ હોય |
| 25 | બાળકના કયા કણોનો વિનાશ થયેલ હોવાથી બાળક જન્મજાત પાંડુરોગવાળું આવી શકે છે?<br>(A) શ્વેતકણ (B) રકતકણ (C) ત્રાકકણ (D) એક પણ નહિ |
| 26 | બીલીરૂબીન નામનું તત્વ કયા અંગ દ્વારા બને છે?<br>(A) બરોળ (B) જઠર (C) યકૃત (D) પિત્તાશય |
| 27 | જયારે સ્ત્રીબીજનો વિકાસ ગર્ભાશયની બહાર થાય ત્યારે તેને કઈ પ્રેગનેન્સી કહેવાય?<br>(A) એકટોપીક પ્રેગનેન્સી (B) વેસીકયુલર મોલ (C) નોર્મલ પ્રેગનેન્સી (D) એક પણ નહિ |
| 28 | કઈ પ્રેગનેન્સી ખૂબ જ ગંભીર પરિસ્થિતિ છે?<br>(A) નોર્મલ પ્રેગનેન્સી (B) એકટોપીક પ્રેગનેન્સી (C) વેસીકયુલર મોલ (D) ઉપરની બધી જ |
| 29 | આપણા દેશમાં દર એક હજાર સુવાવડમાં લગભગ કેટલી માતાનું મુત્યુ થાય છે?<br>(A) 4-6 (B) 6-8 (C) 2-4 (D) 8-10 |
| 30 | કઈ હાલતમાં કોઈપણ સગર્ભામાતાને સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર મોકલવાં?<br>(A) હૃદયરોગ (B) ઓછા વજનવાળું બાળક હોય (C) ડાયાબિટીસ હોય (D) ઉપરના બધા જ |

| | |
|---|---|
| 31 | સંદર્ભ સેવા કેન્દ્રોમાં નીચેમાંથી કઈ સુવિધા હોવી જરૂરી છે?<br>(A) એનેસ્થેસીયા (B) ગાયનેકોલોજીસ્ટ (C) લોહી ચડાવવાની વ્યવસ્થા (D) ઉપરના બધા જ |
| 32 | પ્રજજન માટે પુરુષમાં મુખ્ય જનનાંગ કયું હોય છે?<br>(A) અંડપિંડ (B શુકપિંડ (C) અંડકોષ (D) ગર્ભાશય |
| 33 | અંડાશય સામાન્ય રીતે કોના સંપર્કમાં હોય છે?<br>(A) ગર્ભાશય અને અંડપિંડ (B) અંડપિંડ અને અંડવાહિની (C) ગર્ભાશય અને અંડવાહિની (D) એક પણ નહિ |
| 34 | અંડબીજ છુટ્ટ પડવાથી માસિક આવવાનો ગાળો કેટલા દિવસ જેટલો હોય છે?<br>(A) 14 દિવસ (B) 10 દિવસ (C) 20 દિવસ (D) 25 દિવસ |
| 35 | સગર્ભાવસ્થાને કેટલા તબક્કામાં વહેચવામાં આવે છે?<br>(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર |
| 36 | ગર્ભ ફરકવાની ખબર કેટલા અઠવાડિયા પછી ખબર પડે છે?<br>(A) 16 થી 20 (B) 20 થી 25 (C) 14 થી 16 (D) 12 થી 14 |
| 37 | ગર્ભધારણ નિદાન કરવાની રીત નીચેનામાંથી કઈ છે?<br>(A) પેશાબમાં HCGની તપાસ (B) પેટના ભાગમાં થતો વધારો (C) સોનોગ્રાફી દ્વારા (D) ઉપરના બધા જ |
| 38 | __________ ને સ્ત્રીનો બીજો જન્મ ગણવામાં આવે છે.<br>(A) યુવાવસ્થા (B) ગર્ભાવસ્થા (C) વૃધ્ધાવસ્થા (D) ઉપરમાંથી એક પણ નહિ |
| 39 | સળંગ ગર્ભાવસ્થા દરમ્યાન કુલ વજન વધારો કેટલો હોય છે?<br>(A) 10 થી 11 કિલો (B) 11 થી 12 કિલો (C) 12 થી 13 કિલો (D) 8 થી 10 કિલો |
| 40 | સગર્ભાવસ્થા દરમ્યાન નીચેનામાંથી શેની તપાસ થવી જોઈએ?<br>(A) હિમોગ્લોબીન (B) પેશાબની તપાસ (C) સુગર (D) ઉપરના બધા જ |
| 41 | અપૂરતા પોષણવાળી માતાને કયો રોગ થવાની શક્યતા રહે છે?<br>(A) ડાયાબિટીસ (B) હૃદયરોગ (C) પાંડુરોગ (D) ઉપરમાંથી એક પણ નહિ |
| 42 | બાળકના ધબકારા સ્ટેથોસ્કોપથી કેટલા અઠવાડિયા પછી મળે?<br>(A) 15 (B) 20 (C) 18 (D) 17 |
| 43 | પાંડુરોગ થવાના લક્ષણો નીચેમાંથી ક્યાં છે?<br>(A) હાંફ ચડવો (B) ધબકારા વધી જવા (C) શ્વાસ લેવામાં તકલીફ પડવી (D) ઉપરના બધા જ |
| 44 | મેલીનો ભાગ જલ્દી છુટો પડી જવાના લક્ષણો ક્યાં છે?<br>(A) રક્તસ્ત્રાવ ચાલુ થાય (B) નાડીના ધબકારા વધવા (C) પેટમાં દુ:ખાવો થાય (D) ઉપરના બધા જ |
| 45 | એબોર્શન થવાના કારણો કયા હોઈ શકે?<br>(A ઇન્ફેક્શન (B) પાંડુરોગ (C) ઉપરના બન્ને (D) એક પણ નહિ |
| 46 | એક્ટોપીક પ્રેગનેન્સીનો વિકાસ નીચેમાંથી ક્યાં થઇ શકે છે?<br>(A) ગર્ભાશય (B) અંડપિંડ (C) ગર્ભાશયની નળીઓ (D) (બ) અને (ક) બન્ને |
| 47 | માસિકઋતુમાં બેસવા માટે __________ નું હોવું જરૂરી છે.<br>(A ગર્ભાશય (B) અંડપિંડ (C) અંડકોષ (D) અંડાશય |
| 48 | સામાન્ય રીતે અંડવાહિની લગભગ __________ સેમી જેટલી લાંબી હોય છે.<br>(A) 8 સેમી (B) 10 સેમી (C) 12 સેમી (D) 14 સેમી |
| 49 | મોટેભાગે અંડબીજ છૂટ્ટુ પડવાથી માસિક આવવાનો ગાળો કેટલા દિવસ જેટલો હોય છે?<br>(A) 14 દિવસ ( ) 16 દિવસ (C) 18 દિવસ (D) 20 દિવસ |
| 50 | સગર્ભાવસ્થા દરમ્યાન વધુ પડતા વજન વધારાથી શું આવવાની શક્યતા રહે છે?<br>(A) ખેંચ (B) ઉપરના બન્ને (C) તાણ (D) ઉપરમાંથી એક પણ નહિ |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી-2016

**સૂચના :**
1. તમામ પ્રશ્નોના જવાબ ફરજિયાત છે.
2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ** : સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ **(CTBA)** નોંધણી નંબર : ___________
**પાઠયક્રમ** : પ્રસૂતિ દરમ્યાન અને પ્રસૂતિ સંભાળ **(CTBA-02)**
**તારીખ** : **25/01/2016**
**સમય** : **3:00 to 4:30** **કુલ ગુણ : 50**

---

| | |
|---|---|
| 1 | સગર્ભાવસ્થા નો સમયગાળો કેટલા અઠવાડિયાનો હોય છે.<br>(A) 37 થી 41 અઠવાડિયા (B) 30 થી 35 અઠવાડિયા<br>(C) 20 થી 25 અઠવાડિયા (D) 25 થી 30 અઠવાડિયા |
| 2 | ગર્ભની આજુબાજુ જે પાણી હોય છે તેને શું કહે છે.<br>(A) લીકર (B) ગર્ભાવરણ (C) લેબર (D) એક પણ નહિ |
| 3 | શરૂઆતમાં ગર્ભાશયનો દુખાવો કેટલી સેંકન્ડથી ઓછો ચાલે છે.<br>(A) 5 સેંકન્ડ (B) 10 સેંકન્ડ (C) 20 સેંકન્ડ (D) 4 સેંકન્ડ |
| 4 | પ્રસૂતિની શરૂઆત વખતે કેવો સ્રાવ આવે છે.<br>(A) લાલ રંગ (B) ગુલાબી રંગ (C) સફેદ રંગ (D) પાણી જેવો રંગ |
| 5 | ગર્ભાશયનું મુખ ધીરે ધીરે કેવું થાય છે.<br>(A) જાડુ (B) પહોળું (C) પાતળું (D) સાંકડુ |
| 6 | પ્રસૂતિનો પ્રથમ તબક્કો કેટલા કલાકનો હોય છે.<br>(A) 8 થી 12 કલાક (B) 2 થી 3 કલાક (C) 1 થી 4 કલાક (D 1 થી 2 કલાક |
| 7 | પ્રસૂતિનો બીજો તબક્કો કેટલા કલાકનો હોય છે<br>(A) 5 થી 10 કલાક (B) 6 થી 8 કલાક (C) 2 થી 5 કલાક (D) એક પણ નહિ |
| 8 | પ્રસૂતિ વખતે બાળકના માથાની પોઝિશનમાં જે ફેરફાર થાય છે તેને શું કહેવામાં આવે છે?<br>(A) મિકેનીઝમ (B) ડાયામીટર (C) ડિસેન્ટ (D) એક પણ નહિ |
| 9 | ગર્ભાશયનું મુખ દુ:ખાવાના શરૂઆતના ચાર કલાકમાં બે સે.મી જેટલુ ખૂલે છે.<br>(A) સાચું (B) ખોટું (C) A અને B (D) એક પણ નહિ |
| 10 | માથાનો કયો ભાગ સૌથી પહેલા નીચે આવે છે.<br>(A) માથું (B) કપાળ (C) ચહેરો (D) એક પણ નહિ |
| 11 | ગર્ભાશય હાથ વડે તપાસતાં કેવું જોવા મળે છે.<br>(A) કડક (B) ઢીલુ (C પોચું (D) એક પણ નહિ |

| | |
|---|---|
| 12 | બાળકનું માથું કેટલા અઠવાડિયે પેઢુની અંદર ઉતરી જાય છે?<br>(A) 15 થી 20 અઠવાડિયા (B) 36 થી 38 અઠવાડિયા (C) 30 થી 35 અઠવાડિયા (D) એક પણ નહિ |
| 13 | શરૂઆતમાં ગર્ભાશય પ્રથમ તબક્કા દરમ્યાન કેટલી મિનિટે સંકોચાય છે.<br>(A) 15 મિનિટ (B) 20 મિનિટ (C 30 મિનિટ (D) 10 મિનિટ |
| 14 | નાળની લંબાઈ વધી હોવાનો ભાસ ક્યારે થાય છે?<br>(A) પ્રસૂતિ પૂરી થયે (B) પ્રસૂતિ સમયે (C) ઓળ છૂટી પડેથી (D) એક પણ નહિ |
| 15 | એનિમા આપવાથી પ્રસૂતિનો દુ:ખાવો કેવો જણાય છે.<br>(A) સાચો દુ:ખાવો B) ખોટો દુ:ખાવો (C) ખબર પડતી નથી (D) એક પણ નહિ |
| 16 | પ્રસૂતિ સમયે ગર્ભાશયની દિવાલ કેટલા સે.મી જાડી હોય છે<br>(A) 4 થી 5 સે.મી (B) 2 થી 3 સે.મી (C) 3 થી 6 સે.મી (D) એક પણ નહિ |
| 17 | ગર્ભાશયના મુખમાં પ્રસૂતિબાદ તરત જ કેટલી આંગળી જઈ શકે છે?<br>(A) ચાર (B) બે (C) ત્રણ (D) એક |
| 18 | યોનિનો ભાગ પ્રસૂતિ સમયે પહોળો થાય છે પછી કેટલા અઠવાડિયે મૂળ સ્થિતિમાં પાછો આવે છે?<br>(A) 1 અઠવાડિયુ (B) 3 અઠવાડિયા (C) 2 અઠવાડિયા (D) એક પણ નહિ |
| 19 | પ્રસૂતિ પછી વહેલામાં વહેલા માસિક ક્યા મહિને શરૂ થાય છે.<br>(A) બીજા મહિને (B) ત્રીજા મહિને (C) ચોથા મહિને (D) છઠ્ઠા મહિને |
| 20 | પ્રસૂતિ પછી મોડામાં મોડું માસિક કેટલા વર્ષે શરૂ થાય છે.<br>(A) દોઢ વર્ષ (B) બે વર્ષ (C) ત્રણ વર્ષ (D) પાંચ વર્ષ |
| 21 | ધાવણ આપતી સ્ત્રીઓમાં ઋતુસ્ત્રાવ ક્યારે શરૂ થાય છે.<br>(A) વહેલા (B) મોડા (C) A અને B બન્ને (D) એક પણ નહિ |
| 22 | પ્રસૂતિબાદ પ્રથમ અઠવાડિયામાં ઓછામાં ઓછુ કેટલા લિટર પાણી શરીરમાંથી ઓછુ થાય છે?<br>(A) 2 લિટર (B) 1 લિટર (C) 3 લિટર (D) 4 લિટર |
| 23 | પ્રસૂતિ પછીના પહેલા કલાકમાં બ્લડપ્રેશર કેટલી મિનિટે માપવું જોઈએ<br>(A) 15 મિનિટે (B) 10 મિનિટે (C) 5 મિનિટે (D) 3 મિનિટે |
| 24 | ઓળનું કદ કયારે મોટું હોય છે.<br>(A સિફિલીસ (B) માતા તથા બાળકના R-H ગ્રુપની અસંગતતા<br>(C) જોડિયા બાળકો (D) એક પણ નહિ |
| 25 | પ્રસૂતિબાદ શારીરિક આઘાતનું મુખ્ય કારણ<br>(A) નાડીના ધબકારા (B) રક્તસ્ત્રાવ (C) બી.પી ઘટી જવું (D) એક પણ નહિ |
| 26 | સામાન્ય પ્રસૂતિ માટે કેટલા કલાક સુધી કોઈ પગલા ન લેવા જોઈએ?<br>(A) 24 કલાકમાં (B) 28 કલાકમાં (C) 36 કલાકમાં (D) એક પણ નહિ |
| 27 | પ્રસૂતિના બે અઠવાડિયા પછી ગર્ભાશયનું વજન કેટલું હોય છે.<br>(A) 300 ગ્રામ (B) 100 ગ્રામ (C) 200 ગ્રામ (D) 500 ગ્રામ |
| 28 | મોટેભાગે સગર્ભા સ્ત્રીને મૃત્યુનું કારણ કયું હોય છે?<br>(A) મેલેરિયા (B) રકતસ્ત્રાવ (C) જાતિયરોગ (D) કમળો |
| 29 | પેઢુનો દુ:ખાવો કઈ પ્રસૂતિમાં વધારે જોવા મળે છે?<br>(A) પહેલી (B) બીજી-ત્રીજી (C) પહેલી-બીજી (D) એક પણ નહિ |
| 30 | ટાંકા પર ચેપ ન લાગે તે માટે શેની દવા આપી શકાય?<br>(A) જતુંનાશક દવા (B) સ્પીરીટ (C) એન્ટીબાયોટિક (D) એક પણ નહિ |
| 31 | પ્રસૂતિ બાદ તરત જ શરૂઆતમાં ઘાટા પીળા રંગનુ પ્રવાહી જેને શું કહે છે?<br>(A) ખીરું (B) દૂધ (C) ધાવણ (D) એક પણ નહિ |

| | |
|---|---|
| 32 | કેટલા દિવસ પછી ધાવણની શરૂઆત થાય છે?<br>(A) પહેલા (B) બીજા (C) ત્રીજા (D) ચોથા |
| 33 | સ્ટાર્ચ ચરબી અને પ્રોટીન શેમાં હોય છે?<br>(A) દૂધમાં (B) ધાવણમાં (C) પાણીમાં (D) એક પણ નહિ |
| 34 | ધાવણ આપતી વખતે માતા રોજ કેટલા મિ.લિ. દૂધ ઉત્પન્ન કરી શકે છે?<br>(A) 500 ગ્રામ (B) 300 ગ્રામ (C) 600 ગ્રામ (D) એક પણ નહિ |
| 35 | ધાવણમાં કયું વિટામીન હોતું નથી?<br>(A) K (B) B (C) D (D) E |
| 36 | ધાવણમાં કયું વિટામીન ઓછુ હોય છે?<br>(A) કેલ્શિયમ (B) લોહ (C) ખનીજક્ષાર (D) વિટામીન |
| 37 | સુવાવડ પછીના કેટલા કલાકમાં આવતા દૂધને કોલોસ્ટ્રોમ કહે છે?<br>(A) 48 થી 72 કલાક (B) 20 થી 30 કલાક (C) 48 થી 72 કલાક (D) 40 થી 70 કલાક |
| 38 | નવજાત શિશુમાં શેનું પ્રમાણ ઘટાડવા માટે વિવિધ ફોર્મ્યુલાથી લોહતત્વ આપવામાં આવે છે?<br>(A) ડાયાબિટીસ (B) ટી.બી (C) પાંડુરોગ (D) ડિપ્થેરિયા |
| 39 | માતાના દૂધને કેટલા પ્રકારમાં વહેંચવામાં આવે છે?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 40 | શરૂઆતમાં તબક્કામાં આવતા દૂધને શું કહે છે.<br>(A) ધાવણ (B) ખીરું (C) ફોરમિલ (D) પ્રવાહી |
| 41 | પાછળના તબક્કામાં આવતા દૂધને શું કહે છે.<br>(A) હાઈન્ડમિલ્ક (B) ફોરમિલ્ક (C) ધાવણ (D) દૂધ |
| 42 | માતાના ધાવણથી બાળકને શું મળે છે?<br>(A) હૂંફ અને સંતોષ (B) પ્રેમ અને સહાનુભૂતિ (C) સહકારની ભાવના (D) એક પણ નહિ |
| 43 | બાળક અને માતા વચ્ચે શું બંધાય છે.<br>(A) સહકારની ભાવના (B) આત્મીયતા (C) પ્રેમભાવના (D) એક પણ નહિ |
| 44 | માતાના ધાવણથી નવજાત શિશુને શું થવાની શક્યતા રહેતી નથી?<br>(A) એલર્જી (B) રોગ (C) ઇન્ફેક્શન (D) ઝાડા |
| 45 | પ્રસૂતિ બાદ થતા સ્ત્રાવનો કલર બદલાઈ ને કેવો જોવા મળે છે.<br>(A) લાલ (B) ગુલાબી (C) સફેદ (D) મરૂન |
| 46 | પ્રસૂતિ બાદ કેટલા દિવસ પછી હલકુ કામ કરી શકાય?<br>(A) 7 દિવસ (B) 8 દિવસ (C) 10 દિવસ (D) એક પણ નહિ |
| 47 | ઓળને બીજી શી રીતે ઓળખવામાં આવે છે?<br>(A) આંતરડુ (B) જેલી (C) ફેફસા (D) હાડકા |
| 48 | ઓળ ક્યાં ચોટેલી હોય છે?<br>(A) ગર્ભાશયની આંતર ત્વચા સાથે (B) યોનિ સાથે (C) મૂત્રાશય સાથે (D) આંતરડામાં |
| 49 | સામાન્ય રીતે પ્રસૂતિ કેટલા કલાકથી વધારે ચાલવી ન જોઈએ?<br>(A) 12 કલાક (B) 14 કલાક (C) 16 કલાક (D) 24 કલાક |
| 50 | પ્રસૂતિ બાદના દોઢ મહિનાના ગાળાને શેનાથી ઓળખવામાં આવે છે?<br>(A) ન્યૂરો (B) ટ્યુરેપરિયન (C) એન્ડો (D) માસ્કો |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી-2016

**સૂચના :**
1. તમામ પ્રશ્નોના જવાબ ફરજિયાત છે.
2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ** : સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ **(CTBA)** નોંધણી નંબર : __________
**પાઠયક્રમ** : નવજાત શિશુ સંભાળ અને કુટુંબ નિયોજન **(CTBA-03)**
**તારીખ** : **27/01/2016**
**સમય** : **11:00 to 12:30** **કુલ ગુણ : 50**

---

| | |
|---|---|
| 1 | બાળકના જન્મ પછી કેટલા અઠવાડિયા સુધી તેને નવજાત શિશુ તરીકે ઓળખવામાં આવે છે?<br>(A) 3 અઠવાડિયા (B) 4 અઠવાડિયા (C) 5 અઠવાડિયા (D) 6 અઠવાડિયા |
| 2 | આપણા દેશમાં બાળમરણમાં કેટલા ટકા મરણ નવજાત શિશુ અવસ્થામાં જ થાય છે?<br>(A) 40 થી 50 (B) 50 થી 60 (C) 60 થી 70 (D) 70 થી 80 |
| 3 | મોટા ભાગના બાળકોનું જન્મ સમયે વજન કેટલા કિલો કે તેથી વધુ હોય છે?<br>(A) 2 કિલો (B) 2.5 કિલો (C) 3 કિલો (D) 3.5 કિલો |
| 4 | નવજાત શિશુમાં ફેફસાની નબળાઈને લીધે શ્વાસ બરાબર ન લેવાય તો શું થવાની શક્યતા રહે છે?<br>(A) ન્યુમોનિયા (B) શરદી (C) ખાંસી (D) તાવ આવવો |
| 5 | કોલોસ્ટ્રમ માં શું વધુ હોય છે જે બાળકને રોગ સામે લડવાની ક્ષમતા આપે છે?<br>(A) રોગપ્રતિકારક તત્વો (B) ખનીજક્ષાર (C) વિટામીન (D) કાર્બોદિત પદાર્થો |
| 6 | જતુઓનો ચેપ લાગીને જે રોગો થાય છે, તેમને શું કહેવામાં આવે છે?<br>(A) ચેપી રોગ (B) બિનચેપી રોગ (C) સામાન્ય રોગ (D) એક પણ નહિ |
| 7 | હીપેટાઈટીસ બી માટે કઈ રસી આપવામાં આવે છે?<br>(A) ડી.પી.ટી (B) બી.સી.જી (C) મીઝલ્સ (D) ઓ.પી.વી |
| 8 | સામાન્ય રીતે નવજાત શિશુમાં બાળકનો ઝાડાનો રંગ કેવો હોય છે?<br>(A) પીળો (B) ઘેરો લીલો કે છીકણી (C) કાળો (D) સફેદ |
| 9 | ચેપી ઝાડા-ઊલટીમાં બાળકને શું થાય છે?<br>(A) પેટ ફૂલવા લાગે (B) પેશાબનું પ્રમાણ ઘટે (C) તાવ આવે (D) ઉપરના બધા જ |
| 10 | નવજાત શિશુને જો પૂરતા પ્રમાણમાં યોગ્ય સમયે ધાવણ આપવામાં ન આવે તો તાણ કે આંચકી શરીરમાં શેનું પ્રમાણ ઘટી જવાના કારણે આવે છે?<br>(A) સ્ટાર્ચ (B) ગ્લુકોઝ (C) ચરબી (D) પ્રોટીન |
| 11 | સામાન્ય રીતે નવજાત શિશુમાં તંદુરસ્ત બાળકોમાં શું દેખાય છે?<br>(A) કમળો (B) આંચકી (C) તાવ (D) શરદી |

| | |
|---|---|
| 12 | ક્યા વૈજ્ઞાનિક સમૂહે પ્રસૂતિનિવારણની તંદુરસ્તી પર સીધી અસર છે તે દર્શાવતા મુદ્દા સૂચવેલા છે?<br>(A) WHO (B) FAO (C) UNICEF (D) UNESCO |
| 13 | પ્રસૂતિ દરમ્યાન માતાને જાનનું જોખમ ક્યા કારણસર વધે છે?<br>(A) માતાની ઉંમર વધુ હોય (B) પ્રસૂતિની સંખ્યા વધુ હોય (C) ઉપરના બન્ને (D) એક પણ નહિ |
| 14 | જાતીય સમાગમથી ફેલાતો રોગ કયો છે?<br>(A) ગોનોરિયા (B) સિફિલિસ (C) એઇડ્સ (D) ઉપરના બધા જ |
| 15 | ગર્ભનિરોધક ગોળીઓ શેના કેન્સર સામે રક્ષણ આપે છે.<br>(A) ગર્ભાશય (B) સ્તન (C) યકૃત (D) જઠર |
| 16 | પ્રત્યક્ષ સંકલન જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિને નિર્ણય લેવામાં મદદ કરે છે, તેને શું કહેવામાં આવે છે?<br>(A) કોમ્યુનિકેશન (B) કાઉન્સેલિંગ (C) કોન્ટેકટ (D) કોમ્યુનિકેટર |
| 17 | બાળકના વારંવાર ધાવણ લેવાથી માતામાં શેનું પ્રમાણ વધે છે?<br>(A) ઈસ્ટ્રોજન (B) પ્રોલેક્ટિન (C) પ્રોજેસ્ટેરોન (D) ઇન્સ્યુલિન |
| 18 | નિરોધની અસરકારકતા કેટલી હોય છે?<br>(A) 88-98% (B) 100% (C) 50% (D) 40% |
| 19 | આંકડી શેની બનેલી હોય છે?<br>(A) રબર (B) કાગળ (C) પોલિઈથીલીન (D) એક પણ નહિ |
| 20 | આધુનિક યુગમાં આંકડીના કેટલા પ્રકાર છે?<br>(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ |
| 21 | આંકડીની અસરકારકતા કેટલી છે?<br>(A) 90% (B) 99% (C) 100% (D) 95% |
| 22 | આંકડી કયા સંજોગોમાં ન જ મૂકી શકાય?<br>(A) સ્ત્રીજનનાંગોનું કેન્સર હોય (B) જનનાંગો અને યોનિમાં ચેપ<br>(C) હિમોગ્લોબીન ઓછુ હોય (D) ઉપરના બધા જ |
| 23 | ગર્ભનિરોધક ગોળીઓ કેટલા પ્રકારની છે?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 24 | ગર્ભનિરોધક ગોળીઓ શેના કેન્સર સામે રક્ષણ આપે છે?<br>(A) ગર્ભાશય (B) અંડાશય (C) ઉપરના બન્ને (D) એક પણ નહિ |
| 25 | કઈ ગર્ભનિરોધક ગોળીઓને લીધે ધાવણ આપતી સ્ત્રીમાં ધાવણ ઓછુ થઈ જાય છે?<br>(A) પ્રોજેસ્ટેરોન (B) ઈસ્ટ્રોજન (C) પ્રોલેકટીન (D) ઇન્સ્યુલિન |
| 26 | નેટ-એન નામનું ગર્ભનિરોધક ઇન્જેક્શન કેટલા મહિને આપવાનું હોય છે?<br>(A) 2 (B) 3 (C) 4 (D) 5 |
| 27 | ગર્ભનિરોધક રીંગમાં શું હોય છે?<br>(A) ઈસ્ટ્રોજન (B) અંતઃસ્ત્રાવ (C) પ્રોજેસ્ટીરોન (D) પ્રોલેકટીન |
| 28 | પુરૂષો માટે કઈ ગર્ભનિરોધક ગોળી ચાઇનામાં વપરાય છે?<br>(A) ગોસીપોલ (B) ગોસપીસ (C) સ્ટીરોઈડ (D) કોર્ટીસોઈડ |
| 29 | સ્ત્રીઓમાં સફેદ પાણી પાડવાની તકલીફને શું કહે છે?<br>(A) ગોનોરિયા (B) મેનોરેજીયા (C) લ્યુકોરિયા (D) એક પણ નહિ |
| 30 | માસિક વધારે દિવસ ન આવે પણ વધુ પડતું આવે અને ગાંઠો પડે તેને શું કહેવાય?<br>(A) લ્યુકોરિયા (B) મેનોરેજીયા (C) મેનોફોબિયા (D) એક પણ નહિ |
| 31 | જયારે અંડાશયમાં નાની નાની ગાંઠો હોય ત્યારે તેને શું કહેવાય?<br>(A) પોલિસિસ્ટીક ઓવરી (B) સિસ્ટીક ઓવરી (C) પોલિડીમ ઓવરી (D) એક પણ નહિ |

| | |
|---|---|
| 32 | જયારે અન્ય સારવારથી બાળક ન રહે ત્યારે કઈ પદ્ધતિની મદદ લઈ શકાય?<br>(A) કાઉન્સીલીંગ (B) ટેસ્ટટ્યુબ બેબી (C) ઉપરના બન્ને (D) એક પણ નહિ |
| 33 | પેટ પરથી દૂરબીન નાખીને થતી તપાસ અને શસ્ત્રક્રિયાને શું કહેવાય છે?<br>(A) સોનોગ્રાફી (B) લેપ્રોસ્કોપી (C) એક્સરે (D) મેમોગ્રાફી |
| 34 | ગોનોરિયા શેનાથી ફેલાતો રોગ છે?<br>(A) બેક્ટેરિયા (B) વાઈરસ (C) પ્રજીવ (D) લીલ |
| 35 | સીફીલીસ ક્યા જીવાણુથી ફેલાતો રોગ છે?<br>(A) ગોનોકોકાઈ (B) માઈકોબેક્ટેરિયમ ટ્યુબરકયુલોસીસ (C) ઈકોલાઈ (D) ટ્રીપોનોમા પેલીડમ |
| 36 | એઇડ્સ ક્યા ગ્રુપના વાઈરસથી થતો ચેપ રોગ છે?<br>(A) કલેમીડીયા (B) રેટ્રોવાઈરસ (C) બેસીલસ (D) એક પણ નહિ |
| 37 | પેલ્વીક ઇન્ફલેમેટરી ડીસીઝના લક્ષણો ક્યા છે?<br>(A) સફેદ પાણી પડવું (B) અનિયમિત માસિક (C) તાવ (D) ઉપરના બધા જ |
| 38 | ગર્ભાશયના મુખના કેન્સરનું નિદાન કેવી રીતે થઈ શકે છે?<br>(A) પેપટેસ્ટ (B) કોલ્પોસ્કોપી (C) ઉપરના બન્ને (D) એક પણ નહિ |
| 39 | જાતીય સમાગમથી ફેલાતો કયો રોગ બહુ જવલ્લેજ જોવા મળે છે?<br>(A) એઇડ્સ (B) શેન્કરોઈડ (C) ગોનોરિયા (D) સીફીલસ |
| 40 | પ્રાયમરી સીફીલીસનું મુખ્ય લક્ષણ કયું છે?<br>(A) સંસર્ગ વિસ્તારમાં ચાંદુ પડવું (B) તાવ આવવો (C) શરીરમાં કળતર થવી (D) વજન ઘટવું |
| 41 | ટાઈફોઈડથી બચવા માટે છ વર્ષ પછી રસીના કેટલા ડોઝ આપવામાં આવે છે?<br>(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ |
| 42 | આંકડી કાઢવા માટે ગર્ભાશયના મુખને શેનાથી સાફ કરવું જોઈએ?<br>(A) પાણી (B) સાબુ (C) એન્ટીસેપ્ટીક (D) એન્ટીબાયોટીક |
| 43 | નવજાત શિશુના હૃદયના ધબકારા કેટલાથી વધુ હોય છે?<br>(A) 72 (B) 100 (C) 110 (D) 80 |
| 44 | નવજાત શિશુમાં શું ખૂબ જ ઓછુ હોય છે?<br>(A) રોગનિરોધક શક્તિ (B) રોગકારણ શક્તિ (C) રોગપ્રતિકારક શક્તિ (D) એક પણ નહિ |
| 45 | નવજાત શિશુના જન્મ સમયે શિશુની સંભાળ લેવા માટે શું જરૂરી છે?<br>(A) હુંફાળો ચોખ્ખો ઓરડો (B) જતુંમુકત સાધન કિટ (C) સ્વચ્છ કાપડના ટુકડા (D) ઉપરના બધા જ |
| 46 | શેના કારણે ગર્ભમાં ખોડખાંપણોનું પ્રમાણ વધે છે?<br>(A) પ્રસૂતિની સંખ્યા વધે (B) માતાની ઉંમર વધે તેમ<br>(C) માતાની ઉંમર નાની હોય ત્યારે (D) એક પણ નહિ |
| 47 | કુટુંબનિયોજન માટે કોઈટસ ઇન્ટરપ્ટસ કાર્યપદ્ધતિની અસરકારકતા કેટલી હોય છે?<br>(A) 60-70% (B) 70-85% (C) 85-95% (D) 100% |
| 48 | પુરુષજંતુને મારી નાખે અથવા હાનિ પહોંચાડે તેવું રસાયણ કયું છે?<br>(A) 19-નોરઓકિઝનોલ (B) ઓકિઝનોલ (C) 25- ઓકિઝનોલ (D) એક પણ નહિ |
| 49 | વંધ્યત્વના કારણો નીચેમાંથી કયા હોઈ શકે?<br>(A) પુરુષજંતુ લઈ જતી નળી બંધ હોય (B) સ્ત્રીબીજ છૂટું ન પડે<br>(C) જાતીય સમાગમ ન થઈ શકે (D) ઉપરના બધા જ |
| 50 | હરપીસ શેના દ્વારા થતો રોગ છે?<br>(A) વાઈરસ (B) બેક્ટેરિયા (C) પ્રજીવ (D) લીલ |